બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે

‘એન્ડ્રોઇડ એપ્લિકેશન ડેવલપમેન્ટ યુસીંગ ફાયરબેઝ’ વિષય પર ઓનલાઇન વર્કશોપ

ગાંધીનગર, તા.૨૧

ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે ઇન્ફોમેશન ટેક્નોલોજી એન્જી. ડિપાર્ટમેન્ટ દ્વારા તા.૧૭-૦૫-૨૦૨૦ના રોજ ‘એન્ડ્રોઇડ એપ્લિકેશન ડેવલપમેન્ટ યુસીંગ ફાયરબેઝ’ વિષય પર ઓનલાઇન વર્કશોપ યોજાયો.જેમાં એક્સપર્ટ તરીકે શ્રી જય પટેલ (Full Stack Software Engineer, Aubergine Solutions) ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ઇન્ટ્રોડક્શન ટુ એન્ડ્રોઇડ,ફાયરબેઝ,એન્ડ્રોઇડ સ્ટુડિયો,ડેવલપમેન્ટ ઓફ લાઈવ ડેટાબેઝ મેનેજમેન્ટ,લાઈવ ડેમોસ્ટ્રેશન ઓન મોબાઈલ તથા અલગ અલગ એપ્લિકેશન યુસેજ વિષે રસપ્રદ માહિતી આપી હતી.



સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ.ઈંદ્રજિત એન.પટેલે જણાવ્યું હતું કે વર્તમાન ટેક્નોલોજિકલ ટ્રેન્ડમાં ઈન્ટરનેટ ઓફ થિંગ્સ,મશીન લર્નિંગ,ઈન્ડસ્ટ્રી ૪.૦ ઉપરાંત એન્ડ્રોઇડ એપ્લિકેશન ડેવલપમેન્ટ પણ એટલું જ અગત્યનું છે તેને અનુલક્ષીને આ પ્રકારના ઓનલાઇન વર્કશોપ વિદ્યાર્થીઓને ઘણા ઉપયોગી છે. આઇ.ટી એન્જીના વડા ડૉ. કેયુર બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે ઉપરોક્ત વેબિનાર દ્વારા વિદ્યાર્થીઓ પોતાના પ્રોજેક્ટને અનુકૂળ એન્ડ્રોઇડ એપ્લિકેશન સરળતાથી ડેવલપ કરીને રીઅલ ટાઈમ ટેસ્ટિંગ કરી શકે છે.

ઉપરોક્ત ઓનલાઇન વર્કશોપ માં ૭૬ થી વધારે વિદ્યાર્થીઓ એ ભાગ લીધો હતો.ઈવેન્ટ ને સફળ બનાવવા માટે ફેકલ્ટી કોર્ડીનેટર ડૉ.નિલેશ પ્રજાપતિ,પ્રો.ચિંતન મહંત, પ્રો.વિશાલ પોલારા તથા સ્ટુડન્ટ કોર્ડીનેટર્સ હિમાંશુ ઠાકર તથા જૈમિન સિમ્પી એ ઉત્સાહપૂર્વક કામગીરી હાથ ધરી હતી.આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ એન્જીનીયર ભીખુભાઈ પટેલ તથા અન્ય હોદ્દેદારો એ શુભેચ્છા વ્યક્ત કરી હતી.

સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલનું અંગ્રેજી મિડિયમનું ઝળહળતું ૧૦૦% પરિણામ

ગાંધીનગર, તા.૨૧

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ મહિનામાં લેવાયેલી ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનું પરિણામ જાહેર થયું છે. ગાંધીનગરની પ્રથમ ખાનગી સ્કૂલ સેન્ટ ઝેવિયર્સે અંગ્રેજી માધ્યમમાં ૧૦૦% પરિણામ મેળવ્યું છે. શાળાના પરિક્ષામાં બેસેલા ૩૮ પૈકી ૩૮ વિદ્યાર્થીઓ ઉત્તિર્ણ થતાં શાળાનું ૧૦૦% પરિણામ આવ્યું છે. ગાંધીનગરની આ વખતે આ એકમાત્ર શાળા છે જેનું પરિણામ ૧૦૦% આવ્યું છે. શાળાના શિક્ષકો લાલી વર્ગીસ, કનુભાઈ ઠક્કર, ડોલી ક્રિશ્ચિયન, દિશા શર્મા એ આ વિદ્યાર્થીઓને સખત મહેનત કરાવી હતી. શાળાના આચાર્ય ફાધર એન્થાની ફ્રુઝે અને સુપરવાઇઝર સર સાજી અબ્રાહામે વિદ્યાર્થીઓ અને શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા.

સેન્ટ ઝેવિયર્સ શાળાના વિજ્ઞાન પ્રવાહ ગુજરાતી માધ્યમનું પરિણામ ૮૨.૯૩% આવ્યું છે. શાળાના ૪૧ વિદ્યાર્થીઓ પૈકી ૩૪ વિદ્યાર્થીઓ ઉત્તિર્ણ થયા છે. શાળાના શિક્ષકો જેનેટ ફાર્મર, નરેશ જાની, લલિત શર્મા, જીગર ખમાર દ્વારા તૈયાર કરવામાં આવ્યાં હતાં. શાળાના આચાર્ય ફાધર એન્થાની ફ્રુઝે અને સુપરવાઇઝર સર સાજી અબ્રાહામે સૌ વિદ્યાર્થીઓને ઉજ્જવળ કારકિર્દી માટે શુભકામનાઓ પાઠવી છે.

ડાયરેક્ટ સે
બદામ ખાવા કરતાં દગો ખાધા પછી વધારે અક્કલ આવે છે...

જન્મદિને વધામણી

નંદિની જિતેન્દ્ર પરમાર

દંતાણી સુનીતાબેન કમલેશ
રેડક્રોસ, માણસા

પટેલ વિષ્ણુભાઈ જીવરામભાઈ
રેડક્રોસ, માણસા

ફેની એ પટેલ

ઘરમાં રહો સુરક્ષિત રહો

શોર્ટ વીડિયો ફિલ્મ સ્પર્ધામાં ‘ગજ્જર મીત’ વિજેતા

ગાંધીનગર, તા.૨૧

નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર, ગાંધીનગર આયોજિત નેશનલ ટેકનોલોજી ડે નિમિત્તે ઘરે રહી તકનીકી સર્જનાત્મકતા બતાવીએ અંતર્ગત ‘શોર્ટ વીડિયો ફિલ્મ સ્પર્ધા’નું આયોજન થયું હતું. જેમાં ગાંધીનગર જિલ્લાની સહયોગ વિદ્યાલયના ગજ્જર મીત ડી. એ કેટેગરી-૧માં દ્વિતીય નંબર મેળવી વિજેતા બની રોકડ પુરસ્કાર અને સર્ટિફીકેટ મેળવ્યું હતું.

સમગ્ર દેશ કોરોનાના વાયરસનો સામનો કરી રહ્યો છે ત્યારે ગાંધીનગર શહેરના સે-૩સીમાં વસાહતીઓને રોગ પ્રતિકારક શક્તિ પ્રબળ કરવા તેમજ આત્મબળ વધારવા માટે ગાંધીનગર શહેર મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૭ ના કોર્પોરેટર દ્વારા સોશીયલ ડિસ્ટન્સ જાળવીને ઉકાળાનું વિતરણ કરવા માં આવે છે. જેનો લાભ તમામ વસાહતીઓ લઈ રહ્યા છે . આ કામગીરીને વોર્ડ નં.૭ ના કોર્પોરેટર ઉર્મીલાબેન વર્મા તથા ગાંધીનગર શહેર મહાનગરપાલિકાના સ્ટાફના કર્મચારીઓ જીગરભાઈ, અનિલ ભાઈ, અતુલભાઈ તથા રવિભાઈ દ્વારા નિભાવવામાં આવી છે. આ પ્રસંગે સેકટર નં. ૩/સી વસાહતના ઉપ પ્રમુખ યુસુફખાન જે. પઠાણ મંત્રી બળવંતભાઈ દરજી કારોબારી સભ્યો ભૂપેન્દ્રભાઇ રાવલ, મેહુલભાઈ,દેવેન્દ્રભાઈ પટેલતથા નવરાત્રી સમિતિ સે-૩ સી ના પ્રમુખ વિકાસભાઈ પટેલ દ્વારા ગાંધીનગર શહેર મહાનગરપાલિકાનો વોર્ડ નં. ૭ના કોર્પોરેટેર તથા કર્મચારીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

વિદ્યાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ, સાદરા દ્વારા

કોરોના મહામારીની સામે સુરક્ષાના વિશેષ સંદર્ભમાં વિષય પર વેબિનારનો યોજાયો

ગાંધીનગર, તા.૨૧

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ, સાદરા દ્વારા યોગ, પ્રાણાયામ, ધ્યાન તથા વિશેષ ખોરાક : કોરોના મહામારી સામે સુરક્ષાના વિશેષ સંદર્ભમાં વિષય પર વેબિનારનો આયોજન કરવામાં આવ્યું જેમાં આખા ગુજરાતમાંથી ગૂજરાત વિદ્યાપીઠમાં ભણતા ભૂયપૂર્વ વિદ્યાર્થી અને વર્તમાન વિદ્યાર્થીઓમાંથી અંદાજિત ૧૧૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો જેમાં શારીરિક શિક્ષણ સંસ્થા, સાદરાથી ભણેલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ જે હાલમાં વિવિધ યુનિવર્સીટીઓ અને કોલેજમાં અધ્યાપક તરીકે સેવા આપે છે તેવા ઘણા વિદ્યાર્થીઓએ આ વેબિનારમાં ભાગ લીધો અને સરસ ચર્ચા કરી હતી.

વેબિનારમાં નિષ્ણાત તરીકે ડીનશ્રી ડો. પ્રભુલાલ કાસુન્દ્રાએ કોરોના મહામારીની સામે વિદ્યાર્થીઓ યોગ, પ્રાણાયામ અને ધ્યાનની તાલીમના લીધે પોતાની રોગ પ્રતિરોધક શક્તિમાં વધારો કરી આ મહામારી સામે પોતાને સલામત રાખી બીજા સગાસંબંધીઓને પણ આ મહામારી સામે લડવા માટે તૈયાર કરવાનું આગ્રહ રાખ્યું હતું અને કેવી રીતે શારીરિક શિક્ષણના વિદ્યાર્થીઓ જે ગામમાં રહે છે તે પોતાના ગામમાં ભારત સરકારના સોશલ ડિસ્ટન્સ અને માસ્કના નિયમોના પાલન કરી નાના બાળકોથી મોટા માણશો માટે વિવિધ પ્રકારની રંજનાત્મક પ્રવૃત્તિઓનું આયોજન કરી લોકોના માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય મજબુત બનાવી અને તણાવ દુર કરી શકે તેવા આયોજન કરવા માટે માર્ગદર્શન આપ્યું હતું.

બીજા નિષ્ણાત તરીકે ડો. નીરજ સિલાવટે કોરોના મહામારી દરમ્યાન કેવી રીતેનો ખોરાક લેવો જોઈએ અને યોગ્ય ખોરાક દ્વારા પોતાને ફીટ અને સજ્જ રાખવા તે વિષય સરસ ચર્ચા કરી હતી અને સાથે સાથે આ કોરોના મહામારી સામે પૂજ્ય મહાત્મા ગાંધી દ્વારા સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓની સમાજ અને લોકો પ્રત્યે અને રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયમ સેવકના રૂપમાં શું ફરજ અને જવાબદારીઓ હોવી જોઈએ તે સંબંધમાં વિદ્યાર્થીઓ અને રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વય સેવકો સાથે ચર્ચા કરી હતી અને વિશેષમાં આ અવસર પર લોક ડાઉન દરમ્યાન ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિદ્યાશાખા, સાદરાના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલી પ્રેરણાદાયી અને સમાજ સેવાની વિવિધ પ્રવૃત્તિઓની એક વિડીઓ ફિલ્મ પર વિદ્યાર્થીઓ દ્વારા નિહાળવામાં આવી હતી આ વેબિનારના આયોજન પાછળ ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક પ્રો. અનામિક ભાઈ શાહ, કા. કુલસચિવશ્રી પ્રો. ભરતભાઈ જોશી અને નિયામકશ્રી વિસ્તરણ વિભાગ ડો. રાજેન્દ્રભાઈ ખીમાણી અને રાષ્ટ્રીય સેવા યોજના એકમના સંયોજક ડો. અરુણભાઈ ગાંધીનો મુખ્ય માર્ગદર્શન રહેલો છે.

વેબિનારનો સંપૂર્ણ આયોજન અને સંચાલન ડીન ડો. પ્રભુલાલ કાસુન્દ્રા અને પ્રોગ્રામ ઓફિસર ડો. નીરજ સિલાવટ દ્વારા કરવામાં આવ્યું હતો

શ્રી સ્વામિનારાયણ મંદિરે શ્રી ઘનશ્યામ મહાપ્રભુજીને ફૂલોનો શણગાર

વિશ્વ વિખ્યાત ભૂમંડળ સ્થિત તીર્થોત્તમ ધામ મણિનગરમાં શ્રી સ્વામિનારાયણ મંદિરે ગ્રીષ્મ ઋતુને ધ્યાને રાખી શ્રી સ્વામિનારાયણ ભગવાન - શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી સહજાનંદ સ્વામી મહારાજ, જીવનપ્રાણ અબજીબાપાશ્રી, શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આદ્ય આચાર્યપ્રવર જીવનપ્રાણ શ્રી મુક્તજીવન સ્વામીબાપાને પણ ગરમીમાં કુદરતી ઠંડક મળી રહે તેવા હેતુથી શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજની અનુજ્ઞાથી પૂજનીય સંતો દ્વારા જૂઈ, ડોલર, મોગરા તેમજ ગુલાબ સહિતના ફૂલોનો શણગાર કરવામાં આવ્યો હતો. ભગવાન સુગંધિત ફૂલોથી છવાઈ ગયા હતા. હરિના અંગોઅંગ પર ફૂલોનાં શણગાર ઓપી રહ્યાં હતાં. ફૂલોના શણગારને લીધે મંદિરનું ગર્ભગૃહ સુગંધિત થયું હતું. વૈશાખ માસની કાળઝાળ ગરમીમાં ભગવાનને ઠંડક પ્રાપ્ત થાય તેવા ભક્તિભાવથી આ પ્રસંગે શ્રી સ્વામિનારાયણ ભગવાનને રંગબેરંગી વિશિષ્ટ ફૂલોના શણગાર ધરાવવામાં આવ્યા હતા.

વિશ્વવ્યાપી કોરોના વાઈરસની મહામારીમાં લોકડાઉનનું શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ચુસ્તપણે પાલન કરવામાં આવતું હોય દેશ-વિદેશના હરિભક્તોને સોશિયલ મીડિયાના માધ્યમથી આરતી, શણગાર વગેરે દર્શન કરાવવામાં આવ્યા હતા. અને કોરોના વાઈરસથી સંક્રમિત મનુષ્યો જલ્દી જલ્દી સાજા થાય તદર્થે શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજે સ્વામિનારાયણબાપા સ્વામીબાપાને પ્રાર્થના કરી હતી.

આંતરરાષ્ટ્રીય જૈવિક વિવિધતા દિવસ

પૃથ્વી ઉપર અનેક પ્રકારની વનસ્પતિ, ફળ, ફૂલ, છોડ, વૃક્ષ, જીવજંતુ, પશુ, પક્ષી, મનુષ્ય કે જે જીવંત છે તેને જૈવિક કહે છે અને આ દરેક જીવંત વસ્તુમાં અનેક પ્રકારની વિવિધતા જોવા મળે છે જેને જૈવિક વિવિધતા (Biological Diversity) કહેવામાં આવે છે. યુનાઈટેડ નેશન્સ (યુ.એન.) દ્વારા દર વર્ષે ૨૨મી મેના દિવસને જૈવિક વિવિધતાના વિવિધ મુદ્દાઓને વાચા આપવા માટે આંતરરાષ્ટ્રીય જૈવિક દિવસ (આઈ.ડી.બી) તરીકે ઉજવવામાં આવે છે. દર વર્ષે આ દિવસ વિવિધ થીમ સાથે મનાવવામા આવે છે. ચાલુ વર્ષની થીમ છે, “આપણા ઉકેલો પ્રકૃતિમા છે” (Our solutions are in nature).

પૃથ્વી ઉપર પશુ-પક્ષી, વનસ્પતિ અને પર્યાવરણ વચ્ચે સંતુલન જળવાય તે ખૂબ જ જરૂરી છે. જો સંતુલન જળવાશે તો જ પૃથ્વી ઉપર માનવ જીવન અને અન્ય જીવોનું અસ્તિત્વ ટકી રહેશે. મનુષ્ય પોતાના સ્વાર્થ માટે વૃક્ષોનુ નિકંદન, ખોરાક માટે પ્રાણીઓની હત્યા, ઉદ્યોગો અને વાહનોનુ પ્રદૂષણ જેવી પ્રક્રિયા સતત કરતો રહે છે. જેના કારણે પ્રકૃતિમાં અસ્થિરતા આવે છે અને સંતુલન ખોરવાય છે. જેના ભાગરૂપે વિવિધ ક્ષેત્રોમાં પૂર, દુષ્કાળ, વાવાઝોડુ, ગ્લોબલ વૉર્મિંગ જેવી સમસ્યાઓ વારંવાર સર્જાય છે. છેલ્લા ઘણા વર્ષોથી દરેક દેશમાં દર વર્ષે કોઈને કોઈ કુદરતી આફતો આવતી જ રહે છે જે સર્વે પ્રકૃતિમાં આવેલી અસ્થિરતા ને આભારી છે.

પ્રસંગસર

જિગર બારોટ

એક મધમાખી ખોરાક અર્થે રસ ચુસવા એક ફૂલ પરથી બીજા ફૂલ પર ભ્રમણ કરે છે ત્યારે તે પોતાની સાથે ચોંટેલા પરાગને પણ બીજા ફૂલ સુધી લઇ જાય છે અને પરાગનયન જેવી કુદરતી પ્રક્રિયામા સામેલ થાય છે. આમ કુદરત દ્વારા આખી પૃથ્વી ઉપર આવી અનેક પ્રક્રિયાઓ થતી રહેતી હોય છે. જેમા દરેક જૈવિક પ્રક્રિયા એકબીજા ઉપર આશ્રિત હોય છે. આપણે જ્યારે જાણતા અજાણતા તેમા વિક્ષેપ કરીએ છીએ ત્યારે બહુ મોટુ સંતુલન ખોરવાય છે જેનો ભોગ મનુષ્ય તો બને જ છે પણ સાથે સાથે બીજા પશુ-પક્ષીઓને પણ બને છે.

કોરોના વાયરસ મહામારી તેનુ એક ઉત્તમ ઉદાહરણ છે. ચીનમાં લોકો દરેક જાતના પ્રાણીઓ આરોગતા હોય છે, જેથી આ પ્રાણીઓમા રહેલા કોરોના વાયરસે માનવ શરીરમા પ્રવેશ કર્યો અને તે માનવ થી માનવ દ્વારા પૂરા વિશ્વમાં ફેલાયો. આ અગાઉ પણ એચ.આઈ.વી., ઈબોલા, નિપાહ, સાર્સ જેવા ઘણા વાયરસ મનુષ્ય અને પ્રાણીઓના ભોગ લઈ ચૂક્યા છે.

ઘણા સમયથી કોરોના વાયરસ મહામારીને કારણે પૃથ્વી ઉપર જનજીવન થંભી ગયુ હતુ. જેના કારણે પૃથ્વીને અસંતુલીત કરતી ઘણી પ્રક્રિયાઓ અટકી ગઈ હતી. જેની સકરાત્મક અસરો પ્રકૃતિ ઉપર જોવા મળી જેમકે હવા પ્રદુષણ અને જળ પ્રદુષણ ખૂબ જ નીચા સ્તરે આવી ગયા, પ્રાણીઓની હત્યા અટકી અને ડર વિના ખુલ્લામા ફરતા દેખાયા, વૃક્ષોનુ નિકંદન અટક્યુ, ઓઝોન સ્તરમા પડેલા ગાબડામા સુધારો થવા લાગ્યો, પ્રાણીઓ તથા મનુષ્યને સ્વચ્છ અને શુદ્ધ હવા મળવા લાગી. આમ આ સમય આપણા માટે કપરો છે પરંતુ પ્રકૃતિ ને સંતુલિત થવા માટે ઉત્તમ છે.

રસના ફાઉન્ડેશન કોવિડ-૧૯ સામેની લડતમાં મજબૂતીથી જોડાયું

રસના જૂથના સીએસઆર એકમ રસના ફાઉન્ડેશને સ્વાસ્થ્ય અને શિક્ષણ ક્ષેત્રમાં અનેક પહેલો રજૂ કરીને સમાજમાં કોવિડ-૧૯ સામેની લડાઈમાં નોંધપાત્ર યોગદાન આપવાનો નિર્ણય કર્યો છે. સંસ્થાએ અનાજ જેવી આવશ્યક ચીજોના વિતરણ, તબીબી સેવા પૂરી પાડવી અને સ્વાસ્થ્ય ક્ષેત્રના કર્મચારીઓ તથા કોવિડ-૧૯ સામેની લડતના વાસ્તવિક હીરો માટે પ્રોટેક્ટિવ ગીયરનું ઉત્પાદન કરવા જેવી તાત્કાલિક જરૂરિયાતો પૂરી કરવા માટે ટાસ્ક ફોર્સ તૈયાર કરી છે.

Perfect Relations
The Science of Image Management

વધુમાં સોશિયલ આંત્રપ્રિન્યોરશિપ માટે સમર્પિત રસના જૂથે ભારત સરકારના સૂચનથી એકદમ તર્કસંગત કિંમતે રેગ્યુલર જનરલ ટ્રેડ (જીટી) અને મોડર્ન ટ્રેડ (એમટી) બજારોમાં ‘સાની સેફ’ હેન્ડ સેનિટાઈઝર લોન્ચ કરવાનો નિર્ણય કર્યો છે. એટલું જ નહીં જીટી અને એમટી બજારોમાં આ સેનિટાઈઝરના વેચાણમાંથી થનારા નફાના એક ભાગનો ઉપયોગ પોલીસ જવાનો અને સ્વાસ્થ્ય ક્ષેત્રના કર્મચારીઓ માટે મફતમાં સેનિટાઈઝર આપવા માટે પણ કરવામાં આવશે.

આ પહેલો અંગે વાત કરતાં રસના ફાઉન્ડેશનના સ્થાપક અને ટ્રસ્ટી શ્રી પિરુઝ ખંભાતાએ જણાવ્યું હતું કે, ‘અમે આ રાષ્ટ્રને મદદરૂપ થવા માટે સકારાત્મક્તા સાથે આ મહામારી સામે લડવા માટે કટીબદ્ધ છીએ. આપણા વાસ્તવિક હીરો કોવિડ-૧૯ સામે ફ્રન્ટલાઈન પર કામ કરતાં કર્મચારીઓ છે, જે અથાક મહેનત કરતાં આવશ્યક જરૂરિયાતો પૂરી કરી રહ્યાં છે. અમારો આશય સમાજ અને સ્વાસ્થ્ય ક્ષેત્રના કર્મચારીઓને શક્ય તમામ સહાય પૂરી પાડવાનો છે. આપણે આપણા ઘરોમાં સલામત રહીએ તેની ખાતરી માટે ૨૪ કલાક કામ કરતાં આપણા કર્મચારો, આપણા સ્વાસ્થ્ય ક્ષેત્રના કર્મચારીઓ અને સલામતી અધિકારીઓનો અમે આભાર માનીએ છીએ.’